Azadi Ka Amrit Mahotsav

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ, રૂમ નં.૧૦૭ થી ૧૧૧, અમરેલી

ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬

E-Mail : amrelideo@gmail.com

Website : https://deoamreli.com

सत्यमेव जयते

ક્રમાંક:માધ્ય/મ-૨/પુરા પગાર/દરખાસ્ત/૨૦૨૧-૨૨ પરીપત્ર નં-૯૩૩ તા.૦૯/૧૨/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ,

જિ.અમરેલી

**વિષય : પાંચ વર્ષ પૂર્ણ થતાં પુરા પગારમાં સમાવવા બાબત**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આ જિલ્લાની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/વહીવટી સહાયક/સાથી સહાયક તરીકે ફરજ બજાવતા કર્મચારીના પાંચ વર્ષ પૂર્ણ થતાં પુરા પગારમાં સમાવવા બાબતેની દરખાસ્ત આ કચેરીમાં શાળા દ્વારા રજુ કરવાની હોય છે. જેમાં નિયત ચેકલીસ્ટમાં જણાવ્યા મુજબના આધારો ક્રમાનુસાર યોગ્ય રીતે પાનાં નંબર આપીને જોડવાના રહે છે.

ઉપરોક્ત બાબતે જે શાળાઓમાં સહાયક સંવર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓની નોકરીમાં પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ કરેલ હોય તથા સરકારશ્રીનાં નિયમો મુજબ હિન્દી પરીક્ષા, સી.સી.સી. પરીક્ષા નિયમ અનુસાર પાસ કરેલ હોય તેવા કર્મચારીઓની આ સાથે સામેલ ચેકલીસ્ટ મુજબના આધારો સાથે દરખાસ્ત દિન-૧૦ (દસ)માં આ કચેરીમાં રજુ કરવા જણાવવામાં આવે છે. જે શિક્ષણ સહાયક/વહીવટી સહાયક/સાથી સહાયક સરકારશ્રીનાં નિયમો મુજબની શરતો પુરી કરતા હોય અને જેમની નોકરી પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ કરેલ હોવા છતાં પણ પુરા પગારમાં સમાવવા અંગેની દરખાસ્ત શાળા દ્વારા રજુ કરવામાં નહી આવે અને ભવિષ્યમાં આ બાબતે જો કોઈ પણ જાતના પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે-તે સબંધિત શાળાના આચાર્યશ્રીની રહેશે જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

:: બિડાણ ::

-પુરા પગારમાં સમાવવા અંગેનું નિયત ચેકલીસ્ટ

## (પુરા પગારમાં સમાવવાનો નમુનો)

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ..........

નોકરીમાં પાંચ વર્ષ પૂર્ણ થયા બાદ પુરા પગારમાં સમાવવા અંગેનું ચેકલીસ્ટ

**શાળાનું નામ :– ..................................................**

| ક્રમ | ચેકલીસ્ટની વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | શ્રી .............., શિક્ષણ સહાયક/અન્ય સહાયકની પુરા પગાર માટેની દરખાસ્ત | |
| ૨ | છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ સારા હોવા બાબતનુ આચાર્યશ્રીની સહીવાળુ પ્રમાણપત્ર | |
| ૩ | એન.ઓ.સી.ની નકલ | |
| ૪ | કામ ચલાઉ બહાલીની નકલ | |
| ૫ | કાયમી બહાલીની નકલ | |
| ૬ | મેડીકલ ફીટનેશ સર્ટીફીકેટની નકલ. | |
| ૭ | નોકરીની શરૂઆતના પ્રથમ માસ અને પાંચ વર્ષ પૂર્ણ થતા માસના કર્મચારીની હાજરીના પાનાની નકલ. | |
| ૮ | કર્મચારીની પાંચ વર્ષની સંતોષકારક સેવા નું પ્રમાણપત્ર | |
| ૯ | નિમણુંક હુકમની નકલ | |
| ૧૦ | કર્મચારીના ઓળખપત્રની નકલ. | |
| ૧૧ | પાંચ વર્ષના ગાળા દરમ્યાન કપાત પગારી રજા ભોગવેલ નથી. તે અંગેનું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર. | |
| ૧૨ | કર્મચારીની સી.સી.સી. તથા નિયમોનુસારની હિન્દી પરીક્ષા પાસ કર્યાની નકલ. | |
| ૧૩ | કર્મચારીની સેવાપોથીના પ્રથમ પાનાની ઝેરોક્ષ | |
| ૧૪ | કર્મચારીની પુરા પગારમાં સમાવવાની અરજી. | |
| ૧૫ | સંચાલક મંડળનો પુરા પગારમાં સમાવવા અંગેનો ઠરાવ. | |
| ૧૬ | કર્મચારીની નિમણુંક તારીખ તા............. છે. મજકુરની તા.............ના રોજ પાંચ વર્ષની સેવા પૂર્ણ થતી હોય તા............. થી પુરા પગારમાં સમાવવા ભલામણ છે. | |

આચાર્યની સહી

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 675
શાખાનું નામ: માધ્ય. માધ્ય. નકલ રવાના
તારીખ:
સહી:

જિલ્લા શિક્ષણાધિકારી